ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ ચૌદસ ગુરુવાર ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

ઈરાન યુદ્ધ ભયાનક બન્યું: અમેરિકાએ ઈરાનના 5 તેલ ટેન્કર ડૂબાડ્યા

યુએસ દ્વારા ઈરાનના 5 તેલ ટેન્કર નષ્ટ; ઈરાનનો જોર્ડનમાં યુએસ બેઝ પર મિસાઈલ હુમલો; ક્રૂડ ઓઈલ $100ને પાર પહોંચતાં વૈશ્વિક સ્તરે ખળભળાટ

ઓમાન અને ગલ્ફમાં 10 વેપારી જહાજો પર ઈરાનનો વળતો પ્રહાર

ઈરાને 20 ગણા વળતા પ્રહારની ધમકી આપી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં નવો નિષેધ વિસ્તાર જાહેર કર્યો

યુએસ મિડટર્મ ચૂંટણી પહેલાં ટ્રમ્પ માટે મુશ્કેલી

વોશિંગ્ટન, તા. 9 (AP): પશ્ચિમ એશિયામાં છ મહિના કરતાં વધુ સમયથી ચાલી રહેલું યુદ્ધ હવે અત્યંત ખતરનાક તબક્કામાં પ્રવેશ્યું છે. અમેરિકી યુદ્ધ જહાજો પર ઈરાનના હુમલાના જવાબમાં અમેરિકી સૈન્યએ ઈરાનના પાંચ તેલ ટેન્કરોને નષ્ટ કરી દીધા છે. આ કાર્યવાહીના વળતા પ્રહારરૂપે ઈરાને જોર્ડનમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન બનાવીને બેલિસ્ટિક મિસાઈલો છોડી છે તથા પર્શિયન ગલ્ફ અને હોર્મુઝની ખાડીમાં 10 વેપારી જહાજો પર હમલો કરી મોટો વિનાશ વેર્યો છે.



અમેરિકાની કાર્યવાહી

યુએસ સેન્ટ્રલ કમાન્ડના જણાવ્યા અનુસાર, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા છેલ્લા બે દિવસમાં અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજ પર બે વાર બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલો કરવાનો પ્રયાસ કરાયો હતો. આ નિષ્ફળ પ્રયાસના જવાબમાં અમેરિકાએ ઓમાનની ખાડીમાં ઈરાનના 'કિવિક', 'ચારમિનાર', 'હોરાઈઝન 1', 'રીસ્કો' અને ખારગ આઈલેન્ડ નજીક 'દરિયા' નામના પાંચ ટેન્કરોને ઉડાવી દીધા હતા. હુમલા પહેલા ક્રૂ મેમ્બરોને જહાજ છોડી દેવાની ચેતવણી અપાઈ હતી. અમેરિકી યુદ્ધ જહાજ પર હુમલાનો બદલો લેવા ઈરાની બોટો ઉડાવાઈ હોવાના અહેવાલ પણ આવ્યા છે.

ઈરાનનો જોર્ડન અને દરિયાઈ સરહદો પર પલટવાર

અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને જોર્ડનમાં અમેરિકી દળોનો ઉપયોગ ધરાવતા સૈન્ય મથક પર મિસાઈલો દાગી હતી. જોર્ડનની સૈન્યએ દાવો કર્યો છે કે તેમની એર ડિફેન્સ સિસ્ટમે 18 બેલિસ્ટિક મિસાઈલોને હવામાં જ તોડી પાડી હતી અને કોઈ જાનહાની થઈ નથી. બીજી બાજુ, ઈરાની નૌકાદળે પર્શિયન ગલ્ફ અને ઓમાનની ખાડીમાં બે અમેરિકી જહાજો અને આઠ ઓઈલ ટેન્કરો પર હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે. આ હુમલાઓમાં 'હર્ક્યુલસ સ્ટાર' નામના ટેન્કર પર એક નાવિકનું મોત થયું છે અને એક લાપતા છે, જ્યારે ઈરાકી જળસીમામાં 'ન્યુ એન્ડ્રોસ' નામના ટેન્કરમાં ડ્રોન હુમલા બાદ આગ લાગી હતી. IRGCએ ચેતવણી આપી છે કે જો અમેરિકા તેમના બે-ત્રણ લક્ષ્યાંકો પર હુમલો કરશે, તો તેઓ સામે 20 હુમલા કરશે. ઈરાને કુવૈત અને બહરીન સ્થિત બંદરો પરથી તેલ ટેન્કરોના ક્રૂને તાત્કાલિક ખસી જવા કહ્યું છે કારણ કે આ દેશો અમેરિકાને મદદ કરી રહ્યા છે.

યુદ્ધ શરૂ થયા પછી દરિયાઈ જહાજો પર થયેલો આ સૌથી મોટો હુમલો છે. અમેરિકાએ ટેન્કરો પર હુમલાનો વીડિયો પણ જાહેર કર્યો હતો જેમાં ટેન્કરોમાં આગ લાગી ગયા બાદ તે ડુબી ગયા હતા. કોલંબિયાના પ્રવાસે ગયેલા યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રુબિઓ એ ચેતવણી આપી

...અનુસંધાન પાના 11 પર

જાપાનના નાગોયામાં 136 વર્ષના રેકોર્ડ તોડ વરસાદથી ભારે પૂર

1890 પછીનો સૌથી વધુ વરસાદ, કલાકમાં 4 ઈંચ જ્યારે દિવસમાં 8 ઈંચ કરતાં વધુ વરસાદ ખાબકતાં શહેર જળબંબાકાર

19 સપ્ટેમ્બરથી શરૂ થતી એશિયન ગેમ્સ પહેલાં કટોકટી, 400 ખેલાડીઓને સુરક્ષિત સ્થળે ખસેડાયા, રમતોના મુખ્ય સ્થળો સુરક્ષિત

ટોક્યો, તા. 9: મધ્ય જાપાનના આઈચી પ્રાંતની રાજધાની નાગોયા શહેરમાં મંગળવાર, 8 સપ્ટેમ્બરે પાયમાલી સર્જનાર મુસળધાર વરસાદથી ભારે પૂરની સ્થિતિ સર્જાઈ છે. જાપાન મોસમ વિજ્ઞાન એજન્સી (JMA) અનુસાર, નાગોયામાં એક જ દિવસમાં 8.64 ઈંચ વરસાદ નોંધાયો હતો. જેમાં માત્ર એક કલાકમાં 4.11 ઈંચ (એક અન્ય સંસ્થાએ 3.99 ઈંચ વરસાદનો અહેવાલ આપ્યો હતો) જેવો અત્યંત તીવ્ર વરસાદ પડ્યો હતો, જે 1890માં વરસાદની નોંધણી શરૂ થયા પછીનો સૌથી વધુ એક કલાકનો વરસાદ છે. આ અગાઉ સપ્ટેમ્બર 2000માં 3.82 ઈંચનો રેકોર્ડ હતો.

વરસાદના કારણે શોનાઈ નદીના પાણી ભયજનક સપાટી વટાવી જતાં વહીવટીતંત્રે કટોકટીની સ્થિતિ જાહેર કરીને 'લેવલ 5'નું સર્વોચ્ચ પૂર ચેતવણી એલર્ટ આપ્યું હતું, જેને નદીનું સ્તર ઘટતાં બાદમાં ઘટાડીને 'લેવલ 2' કરવામાં આવ્યું હતું. નાગોયામાં ડિઝાસ્ટર રિલીફ એક્ટ લાગુ કરવામાં આવ્યો છે. આ પૂરના કારણે 23 જેટલા લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી છે, જ્યારે 200થી વધુ વાહનો પૂરના પાણીમાં ફસાઈ ગયા હતા. પ્રાંતભરમાં 90થી વધુ ઘરોમાં પાણી ભરાયા હતા અને 2 ઘરોને આંશિક નુકસાન થયું હતું. બસ અને સબવે સેવાઓ ખોરવાઈ જતાં આશરે 3500 લોકોએ કટોકટીના આશ્રયસ્થાનોમાં શરણ લીધી હતી.

આ આપત્તિ 19 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલી આઈચી-નાગોયા 2026 એશિયન ગેમ્સના થોડા દિવસો પહેલા જ આવી છે. નાગોયાના મેયર ઈચિરો હિરોસાવાએ જણાવ્યું હતું કે, સ્થળ પર આવી પહોંચેલા આશરે 400 ખેલાડીઓ અને સ્ટાફને સુરક્ષિત ઊંચા સ્થળોએ ખસેડાયા હતા. રમતોના મુખ્ય સ્થળોને કોઈ મોટું નુકસાન થયું નથી અને સ્પર્ધાઓ નિર્ધારિત સમયપત્રક મુજબ જ યોજાશે.

દિલ્હી ડાયરી

રાઘવ ચઢ્ઢાની મતદાર યાદીનો વિવાદ

આમ આદમી પાર્ટી (આપ) ની ટિકિટ પર ચૂંટાયેલા અને પાછળથી ભાજપમાં જોડાયેલા રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢાનું નામ પંજાબની મતદાર યાદીમાંથી કેવી રીતે ગાયબ થઈ ગયું, જ્યાંથી તેઓ આપ ઉમેદવાર તરીકે રાજ્યસભા માટે ચૂંટાયા હતા અને તેમનું નામ અચાનક દિલ્હીની મતદાર યાદીમાં કેવી રીતે આવી ગયું? સ્પષ્ટપણે, આ કાર્યપદ્ધતિ સત્તાધારી શાસન દ્વારા સભ્યપદ બચાવવા માટે શરૂ કરવામાં આવી હતી. મતદાર યાદીઓની આ ખાસ ગહન સુધારણા (એસઆઈઆર) નો અનોખો કિસ્સો અચાનક પ્રકાશમાં આવ્યો છે અને તેણે એક અકલ્પનીય રાજકીય વિવાદ સર્જ્યો છે. સ્પષ્ટ છે કે, ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા પંજાબની મતદાર યાદીની હાથ ધરાયેલી એસઆઈઆર સુધારણામાં ચઢ્ઢાનું નામ કાઢી નાખવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક રીતે, હાલમાં વિદેશ પ્રવાસે ગયેલા ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહેલા ચઢ્ઢાએ પંજાબમાં ડ્રાફ્ટ એસઆઈઆર રોલમાંથી તેમનું નામ કાઢી નાખવા પાછળ 'રાજકીય બદલાની ભાવના' હોવાનો આરોપ લગાવ્યો હતો.

...અનુસંધાન પાના 11 પર

પેટ્રોલ પર 5 અને ડીઝલ પર 23નું નુકસાન, ભાવ વધવાની ભીતિ

ઈન્ડિયન ક્રૂડ બાસ્કેટ $109ને પાર, એલપીજી સિલિન્ડર દીઠ રૂ. 200નું નુકસાન

ભારતનું આયાત બિલ 56% વધ્યું, મોંઘવારી વધવાની અને RBI વ્યાજદર ન ઘટાડે તેવી શક્યતા

નવી દિલ્હી, તા. 9 (PTI): પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ બેરલ દીઠ 100 ડૉલરને પાર પહોંચી ગયા છે. આ સ્થિતિ વચ્ચે ભારતીય સરકારી તેલ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લીટર 5 અને ડીઝલ પર પ્રતિ લીટર 23નું નુકસાન (માર્જિન ઘાટો) થઈ રહ્યું છે.

આ ઉપરાંત, સ્થાનિક એલપીજી સિલિન્ડર પર પણ આશરે રૂ. 200ની અંડર-રિકવરી થઈ રહી છે.

બ્રેન્ટ ક્રૂડના ભાવ જુલાઈ બાદ પ્રથમ વખત વધારા સાથે 100 ડૉલરથી ઉપર પહોંચ્યા છે, જ્યારે ભારતીય ક્રૂડ બાસ્કેટનો સરેરાશ ભાવ સપ્ટેમ્બરમાં વધીને 109 ડૉલર પ્રતિ બેરલ થઈ ગયો છે. ભારત પોતાની જરૂરિયાતનું 88 ટકાથી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. પરિણામે, ક્રૂડના ભાવમાં સતત વધારાથી દેશનું આયાત બિલ વધશે, જેનાથી રૂપિયો નબળો પડી શકે છે અને મોંઘવારી વધવાનું જોખમ ઊભું થયું છે. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જુલાઈ દરમિયાન ભારતનું ક્રૂડ આયાત બિલ 56 ટકા વધીને 63.4 બિલિયન ડૉલર પહોંચી ગયું છે.

વિશ્લેષકોના જણાવ્યા મુજબ, પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ છેલ્લા ત્રણ મહિનાથી સ્થિર હોવાથી તેલ માર્કેટિંગ કંપનીઓ પર નાણાકીય બોજ વધી રહ્યો છે. ક્રૂડના ઊંચા ભાવને કારણે એવિએશન, પેઈન્ટ્સ, ટાયર અને કેમિકલ્સ જેવા ક્ષેત્રોના નફા પર અસર પડશે. બ્રિકવર્ક રેટિંગ્સ અનુસાર, જો ક્રૂડના ભાવ 100 ડૉલરથી ઉપર રહેશે તો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) માટે આગામી સમીક્ષામાં વ્યાજદરમાં કાપ મૂકવો મુશ્કેલ બનશે.

મક્કા કરાર'ની પ્રથમ મોટી અગ્નિપરીક્ષા

ઈરાનના મિત્ર 'હુથી વિદ્રોહીઓ પર હુમલો કરવા પાકિસ્તાન તૈયાર

સાઉદી પરનો હુમલો પાકિસ્તાન પરનો હુમલો ગણાશે: પાક. સંરક્ષણ મંત્રી

ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના ડ્રોન હુમલા બાદ રક્ષણાત્મક સૈન્ય મદદ મોકલવા ઇસ્લામાબાદની તૈયારી

ઈસ્લામાબાદ, તા. 9: પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે ચેતવણી આપી છે કે જો યમન સંઘર્ષ સાઉદી સરહદમાં વકરશે, તો ગયા મહિને સાઉદી અરેબિયા, તુર્કી અને પાકિસ્તાન વચ્ચે થયેલો 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' સક્રિય થઈ જશે અને તેમનો દેશ હુથી વિદ્રોહીઓ પર હવાઈ હુમલો કરી શકે છે.

સાઉદી અરેબિયાની ઊર્જા માળખાકીય સુવિધાઓ પર ઈરાન સમર્થિત હુથી વિદ્રોહીઓના ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ખ્વાજા આસિફનું આ નિવેદન આવ્યું છે. આ હુમલામાં 73 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન ટૂંક સમયમાં યમનના સાદાહ સહિતના વિસ્તારોમાં હુથી સ્થળો પર હવાઈ હુમલા કરી શકે છે. જિઓ ન્યૂઝ સાથે વાત કરતા ખ્વાજા આસિફે સ્પષ્ટ કર્યું કે કરારની શરતો મુજબ કોઈ એક સભ્ય દેશ પરનો હુમલો તમામ પરનો હુમલા સમાન ગણાશે અને પાકિસ્તાન તેની રક્ષા માટે બંધાયેલું છે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે આ એક રક્ષણાત્મક કરાર છે, આક્રમક નહીં.

મધ્ય પૂર્વના નિષ્ણાતોના મતે, રિયાધ પર વધતા ખતરાને કારણે આ કરાર અને 2025નો દ્વિપક્ષીય સંરક્ષણ કરાર બંને અમલમાં આવી શકે છે. પાકિસ્તાની સેના સાઉદીની સુરક્ષા માટે જમીની સ્તરે હાજર છે. જોકે, નિષ્ણાતો એવું પણ માને છે કે જો સાઉદી અરેબિયા 2015ની જેમ યમનમાં ઘૂસીને આક્રમક સૈન્ય કાર્યવાહી કરશે, તો પાકિસ્તાન અને તુર્કી કદાચ સીધા યુદ્ધમાં ઉતરવાનું ટાળશે. આ પરિસ્થિતિ મક્કા કરારની ખરી કસોટી સાબિત થશે.

જંતર-મંતર પ્રદર્શનકારી વિદ્યાર્થી સામે કાર્યવાહી કરતાં CJI સૂર્યકાંતની આકરી ઝાટકણી

નોટિસ ઈશ્યૂ કરવાની હિંમત પણ કેવી રીતે કરી?: મેજિસ્ટ્રેટ પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ

અમારા આદેશ છતાં વિદ્યાર્થીને નોટિસ આપવાની હિમત કેવી રીતે કરી?: સુપ્રીમ એક વિદ્યાર્થીને ગ્રેટર નોઈડા મેજિસ્ટ્રેટે રૂ. 5 લાખના પર્સનલ બોન્ડ ભરવા નોટિસ આપી હતી

વકીલે કહ્યું- આ કોર્ટની અવમાનના છે

નવી દિલ્હી, તા. 9 (PTI): જંતર મંતર ખાતે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનાર વિદ્યાર્થીને કારણ દર્શાવો નોટિસ પાઠવવા બદલ સર્વોચ્ચ અદાલતે બુધવારે ગ્રેટર નોઈડાના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની આકરી ઝાટકણી કાઢી હતી.

ભારતના ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ જજની બેંચે નારાજગી વ્યક્ત કરતા કહ્યું, 'જ્યારે અમે પહેલા જ સ્પષ્ટ આદેશ આપી ચૂક્યા છીએ કે દેશના યુવાનો કે વિદ્યાર્થીઓ સામે કોઈ દંડાત્મક કે આકરી કાર્યવાહી નહીં થાય, ત્યારે મેજિસ્ટ્રેટે આવી નોટિસ ઈશ્યૂ કરવાની હિંમત પણ કેવી રીતે કરી? આ અમારા આદેશનું સીધું ઉલ્લંઘન છે. અમે જાણવા માંગીએ છીએ કે તેમણે આવું પગલું કેમ ભર્યું.'

અદાલતે ગ્રેટર નોઈડાના અધિકારી પાસે આ મામલે લેખિત સ્પષ્ટતા માંગવાનો નિર્ણય કર્યો છે.

આ ઘટના ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના બીજા વર્ષના વિદ્યાર્થી અક્ષત ત્રિપાઠી સાથે જોડાયેલી છે. ગ્રેટર નોઈડા મેજિસ્ટ્રેટે 4 સપ્ટેમ્બરે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ 130 હેઠળ તેને 5 લાખના પર્સનલ બોન્ડ ભરવા નોટિસ આપી હતી, જેમાં આરોપ હતો કે તે વિદ્યાર્થીઓને ઉશ્કેરીને શાંતિ ભંગ કરી રહ્યો હતો. જોકે, બાદમાં પોલીસે આ નોટિસ પાછી ખેંચી લીધી હતી. કોર્ટમાં વરિષ્ઠ વકીલ

...અનુસંધાન પાના 11 પર

ચૂંટણી ફંડમાં ભાજપનો દબદબો: કોંગ્રેસ કરતાં 7 ગણી વધુ આવક

પાંચ રાજ્યોની ચૂંટણી વખતે ભાજપને 1,473 કરોડ મળ્યા; કોંગ્રેસની આવક 207 કરોડ જ રહી

કોંગ્રેસે પક્ષની આવક 207 કરોડની સામે 5 રાજ્યોમાં 248.55 કરોડનો કુલ ચૂંટણી ખર્ચ કર્યો

ભાજપે 3 રાજ્યોની ચૂંટણીમાં 159.7 કરોડ ખર્ચ્યા, જ્યારે પશ્ચિમ બંગાળ અને કેરળના ખર્ચનો હિસાબ હજુ જાહેર નથી થયો

નવી દિલ્હી, તા. 9 (PTI): ચૂંટણી પંચ (EC) સમક્ષ રજૂ કરવામાં આવેલા ચૂંટણી ખર્ચના હિસાબો અનુસાર, તાજેતરની પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓ દરમિયાન ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને તેના કેન્દ્રીય મુખ્યાલય ખાતે આશરે રૂ. 1472.8 (રૂ. 1473 કરોડ)નું ભંડોળ પ્રાપ્ત થયું છે, જે કોંગ્રેસ પક્ષને પ્રાપ્ત થયેલી 207.17 કરોડની ચોખ્ખી આવક કરતાં સાત ગણાથી પણ વધુ છે.

ચૂંટણી પંચના આંકડા અનુસાર, 15 માર્ચથી 6 મે વચ્ચેના ચૂંટણી ગાળા દરમિયાન કોંગ્રેસ પક્ષની આવક 207 કરોડ રહી હતી, જેની સામે તેણે 248.55 કરોડનો કુલ ચૂંટણી ખર્ચ કર્યો હતો.

આ ગાળામાં ભાજપના કેન્દ્રીય મુખ્યાલયના ફંડમાં 904.6 કરોડનો નોંધપાત્ર વધારો થયો હતો અને તેનું બેલેન્સ રૂ. 904.6 કરોડના વધારા સાથે 7627.2 કરોડ પહોંચ્યું હતું. બીજી તરફ, કોંગ્રેસનું ફંડ 65.86 કરોડ ઘટીને 103.2 કરોડ રહી ગયું હતું.

ખર્ચની વિગતો મુજબ, ભાજપે આસામ, તમિલનાડુ અને પુડુચેરીમાં રૂ. 159.7 કરોડ ખર્ચ્યા છે, જેમાં સૌથી વધુ 96.27 કરોડ આસામમાં ખર્ચાયા હતા. આસામમાં પાર્ટીના પ્રચાર અને જાહેરાતો પાછળ 76.73 કરોડ અને ઉમેદવારો પાછળ 19.54 કરોડ વપરાયા હતા. તમિલનાડુમાં ભાજપે 51.56 કરોડ અને પુડુચેરીમાં 11.90 કરોડનો ખર્ચ કર્યો હતો. પશ્ચિમ બંગાળ અને કેરળના ભાજપના ખર્ચના હિસાબો હજુ જાહેર થવાના બાકી હોવાથી તેની કુલ આવકનો આંકડો વધુ ઊંચો જઈ શકે છે. કોંગ્રેસ પક્ષે તમામ પાંચ રાજ્યોમાં પક્ષના સામાન્ય પ્રચાર પાછળ રૂ. 143 કરોડ અને ઉમેદવારો પાછળ 105.55 કરોડ મળીને કુલ રૂ. 248.55 કરોડ ખર્ચ્યા હતા, જેમાં સૌથી વધુ 59.28 કરોડનો ખર્ચ કેરળમાં થયો હતો.

તા. ૦૯-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો	મોસમનો
	0.0 મીમી	૫૪૮ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૫.૨ સે.	૨૬.૯ સે.	૪૮%